સન્ધ્યેવ દિનરાત્રિભ્યાં કેવલશ્રુતયોઃ પૃથક્
બુધૈઃ અનુભવઃ દૃષ્ટઃ કેવલાર્કા અરુણોદયઃ (૨૬-૧)

શબ્દાર્થ: સન્ધ્યા = સંધ્યા, ઇવ = જેમ, દિનરાત્રિભ્યાં = દિવસ અને રાત્રિથી, કેવલશ્રુતયોઃ = કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી, પૃથક્ = ભિન્ન, બુધૈઃ = જ્ઞાનીઓએ, અનુભવઃ = અનુભવ, દૃષ્ટઃ = દીઠો છે, કેવલાર્ક = કેવળજ્ઞાનરૂપી સૂર્ય, અરુણોદયઃ = અરૂણોદય

શ્લોકાર્થ: જેમ દિવસ અને રાત્રિથી સંધ્યા જુદી છે તેમ કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી ભિન્ન, કેવલજ્ઞાનરૂપી સૂર્યના અરુણોદય સમાન અનુભવ જ્ઞાનીઓએ દીઠો છે.

ગાથાર્થ: જેમ "સંધ્યાસમય" નથી તો દિવસ, કારણ સૂર્ય આથમી ગયો છે. તથા નથી રાત્રિ કારણકે અંધકાર છવાયો નથી. તેથી સંધ્યા એ દિવસ અને રાત્રિથી ભિન્ન અવસ્થા છે. તેવી જ રીતે "અનુભવ" એ શ્રુતજ્ઞાનથી અને કેવળજ્ઞાનથી ભિન્ન અવસ્થા છે. શ્રુતજ્ઞાનથી અધિક અને કેવલજ્ઞાનથી ન્યૂન (ઓછી) એવી અવસ્થા અનુભવ અવસ્થા કહેવાય છે. અનુભવ અવસ્થા સ્વયં અનુભવથી જ જણાય છે. શબ્દોથી સમજાવી શકાતી નથી. કોઈ સ્ત્રીને થતી પ્રસુતિની પીડા તે સ્વયં જ સ્વયં સમજી શકે છે. તેવી જ રીતે શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ "અનુભવ" વર્ણવી શકાતો નથી.

જેમ અરુણોદય (સૂર્યોદય પહેલાની અવસ્થા) થયા પછી તરત જ સૂર્યોદય થાય છે તેમ અનુભવજ્ઞાનનો ઉદય થયા પછી અંતર્મુહૂર્તમાં જ કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે.

પૂ. શ્રી ભરભદ્રસુરિજીએ "અનુભવ" ના લક્ષણો નીચે પ્રમાણે કહ્યા છે.
(૧) યથાર્થ વસ્તુ સ્વરૂપનું જ્ઞાન થાય
(૨) પરભાવમાં (આત્માથી ભિન્ન પદાર્થોમાં) રમણતા ન હોય
(૩) સ્વરૂપમાં રમણતા અને તેના આસ્વાદનમાં તન્મયતા હોય

શ્રુતજ્ઞાન નિર્મળ અને મિષ્ટ (sweet) જલ (water) જેવું, ચિંતનજ્ઞાન દૂધના સ્વાદ જેવું અને અનુભવજ્ઞાન અમૃત જેવું છે.

કરોડોની સંખ્યામાં કષ્ટકારી અનુષ્ઠાનો કરીએ તો પણ અનુભવ વિના શુદ્ધ આત્મતત્વની પ્રાપ્તિ થતી નથી.

અનુભવજ્ઞાન હોય તો જ કેવળજ્ઞાન થાય.

## ૨૬: અનુભવ

વ્યાપારઃ સર્વશાસ્ત્રાણાં દિક્પ્રદર્શન એવ હિ
પારં તુ પ્રાપયત્યેકો અનુભવો ભવવારિધેઃ (૨૬-૨)

**શબ્દાર્થ:** વ્યાપારઃ = વ્યાપાર; સર્વશાસ્ત્રાણાં = સર્વ શાસ્ત્રોનો; દિક્પ્રદર્શન: = દિશા બતાવનાર; એવ = જ; હિ = ખરેખર; પારં = પાર; પ્રાપયતિ = પ્રાપ્ત કરાવે છે, પમાડે છે; એકઃ = એક; અનુભવઃ = અનુભવ; ભવવારિધેઃ = સંસારસમુદ્રનો

**શ્લોકાર્થ:** ખરેખર, સર્વ શાસ્ત્રોનો વ્યાપાર માત્ર દિશા બતાવવાનો જ છે, પરંતુ માત્ર એક અનુભવ જ સંસારસમુદ્રનો પાર પમાડે છે.

**ભાવાર્થ:** આત્મતત્ત્વના સ્વરૂપને બતાવનારા ગ્રંથોને શાસ્ત્ર કહેવાય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે? કેવી રીતે પ્રાપ્ત થાય? કર્મો આત્માને કેવી રીતે બંધનકારક છે વગેરેને સમજાવનારા શાસ્ત્રો માત્ર માર્ગદર્શક જ બને છે. શાસ્ત્રો ભોમિયાની ગરજ સારે છે. શાસ્ત્રો આપણને દિશા બતાવે છે આપણને નકશો (Map) આપે છે પણ ચાલવાનું છે આપણે પોતે.

આત્મવિકાસમાં મોટામાં મોટું બળ અનુભવનું છે. ભવની યાત્રાના જોખમો સદ્ગુરુ યોગ્ય માર્ગદર્શન આપી શકે.

આત્માને જાણવા સિવાય બીજું કંઈ જ જાણવાની કામના ન જોઈએ. આત્માને ઓળખવા સિવાય બીજું કંઈ જ ઓળખવાની જિજ્ઞાસા ન જોઈએ. આત્માને મેળવવા સિવાય બીજું કંઈ જ મેળવવાની તમન્ના ન જોઈએ. આત્માનો અનુભવ કરવા માટે આ પ્રકારનું જીવન પરિવર્તન કર્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી.

એક વખત અનુભવનાં, સ્વરૂપરમણતામાં ઊંડા ઊતરીએ પછી એમાંથી જલદી બહાર આવવાનું મન નહિ થાય.

આવો અનુભવ આપણને પુદ્ગલના રસમાંથી છોડાવે, પ્રતિષ્ઠા અને યશ-કીર્તિના મોહમાંથી મુક્ત કરાવે, રાગ-દ્વેષને પાતળા પાડે, નવાં કર્મબંધ ઓછા કરાવે તો સમજવું કે અનુભવ આત્મવિકાસ માટે ઉપયોગી છે.

શાસ્ત્રાભ્યાસ ભવસમુદ્રનો પાર પામવાની દિશા બતાવે છે પણ પોતે જીવને ભવસમુદ્રનો પાર પમાડી આપતું નથી.

આત્માના શુદ્ધસ્વરૂપનું જ્ઞાન મેળવીને તેમાં જ વધારે લીન થવું જોઈએ.

અતીન્દ્રિયં પરં બ્રહ્મ વિશુદ્ધાનુભવં વિના
શાસ્ત્રયુક્તિશતેનાપિ ન ગમ્યં યદ્ બુધા: જગુ: (૨૬-૩)

શબ્દાર્થ: અતીન્દ્રિયં = ઇન્દ્રિયોને અગોચર, પરં બ્રહ્મ = પર બ્રહ્મ, વિશુદ્ધાનુભવં = વિશુદ્ધ અનુભવ, વિના = વિના, શાસ્ત્રયુક્તિશતેન = શાસ્ત્રની સેંકડો યુક્તિઓ વડે, અપિ = પણ, ન = નહિ, ગમ્યં = જાણવા યોગ્ય, યદ્ = જે, બુધા: = પંડિતોએ, જગુ: = કહ્યું છે.

શ્લોકાર્થ: ઇન્દ્રિયોને અગોચર એવો પરમ બ્રહ્મ (શુદ્ધાત્મા), વિશુદ્ધ અનુભવ વિના, શાસ્ત્રની સેંકડો યુક્તિઓ વડે પણ જાણી શકાય તેમ નથી, એમ પંડિતોએ કહ્યું છે.

ભાવાર્થ: આત્મા છે એવું બુદ્ધિકલ્પનાથી માની લઈએ, પરંતુ સેંકડો દલીલો કરવા છતાં એનો અનુભવ નહિ કરાવી શકાય. આત્મા છે એમ માનવું તે એક વાત છે અને ખુદ આત્માનો અનુભવ કરવો એ જુદી વાત છે. એ અનુભવ કરવા માટે ભારે પુરુષાર્થ કરવો પડે છે, પણ એ અનુભવ અવશ્ય થઈ શકે છે. આત્માના અસ્તિત્વને તર્કથી માનવામાં વાર નથી લાગતી, પણ આત્માને અનુભવવા માટે દીર્ઘકાળની સાધના જોઈએ.

ગોળમાં મીઠાશ છે અને જલેબીમાં પણ મીઠાશ છે પરંતુ ખાવાનો અનુભવ કરો તો ખબર પડે કે બંનેમાં મીઠાશ હોવા છતાં સ્વાદમાં ફેર છે. એ જ રીતે ઇન્દ્રિયોથી દેખાતાં ભાવો ઇન્દ્રિય દ્વારા અનુભવ કર્યા વિના એમ ન સમજાય, તેમ અતીન્દ્રિય (ઇન્દ્રિયોથી જુદા) ભાવો આત્મતત્ત્વના અનુભવ વિના સમજાતા નથી. જો તે જાણી શકાતા હોત તો તે ભાવોને અતીન્દ્રિય જ ન કહેવાત. અતીન્દ્રિય ભાવો ફક્ત અનુભવથી જ જાણી શકાય.

અહીં પૂ. ઉપાધ્યાયજીએ "અતીન્દ્રિય પદાર્થોને સમજવામાં પંડિતો સફળ થયા નથી" એમ ટોને આપણને આત્મ અનુભવના માર્ગે ચાલવાની પ્રેરણા આપી છે.

શાસ્ત્રો અને પંડિતો તો માત્ર માર્ગદર્શક છે. અનેક ગ્રંથો વાંચવાથી અને તર્કયુક્ત દલીલો કરવાથી જો અનુભવ નથી થતો તે અનુભવ અસંગ બનીને, એકાંતમાં રહી અંતર્મુખ બનીને ધ્યાન ધરવાથી થશે.

જ્ઞાયેરન્ હેતુવાદેન પદાર્થા યદ્યતીન્દ્રિયાઃ
કાલેન એતાવતા પ્રાજ્ઞૈઃ કૃતઃ સ્યાત્ તેષુ નિશ્ચયઃ (૨૬-૪)

શબ્દાર્થ: જ્ઞાયેરન્ = જાણી શકાય, હેતુવાદેન = હેતુવાદથી, પદાર્થા = પદાર્થો, યદિ = જો, અતીન્દ્રિયા = ઇન્દ્રિયોને અગોચર, કાલેન = કાળે, એતાવતા = એટલા, પ્રાજ્ઞૈઃ = પંડિતોએ, કૃતઃ સ્યાત્ = કરી લીધો હોત, તેષુ = તે વિશે, અતિન્દ્રિય પદાર્થ વિશે, નિશ્ચયઃ = નિર્ણય

શ્લોકાર્થ: જો અતીન્દ્રિય પદાર્થો હેતુવાદથી (શાસ્ત્રોક્ત યુક્તિઓથી-તર્કથી) જાણી શકાતા હોત તો આટલા કાળ સુધીમાં પ્રાજ્ઞ પુરુષો દ્વારા (પંડિતોએ) તે (અતીન્દ્રિય પદાર્થો) વિષે નિર્ણય કરી લીધો હોત.

ભાવાર્થ: અતીન્દ્રિય એટલે ઇન્દ્રિયોથી જે ન જાણી શકાય. સ્પર્શ, રસ, ગંધ, દૃશ્ય અને શ્રવણ એ પાંચે ઇન્દ્રિયો વડે અતીન્દ્રિય પદાર્થો જાણી શકાતા નથી.
ધર્મતત્વનું જ્ઞાન બે પ્રકારે હોય છે. એક અહેતુવાદ એટલે માત્ર શ્રદ્ધાથી જાણી શકાય અને બીજો હેતુવાદ જે તર્કથી જાણી શકાય.
આ જીવ ભવ્ય છે કે અભવ્ય છે તે વિષય અહેતુવાદનો છે એટલે પરમાત્માના વચનોથી શ્રદ્ધાથી જ ગમ્ય (જાણી શકાય) છે.
ભવ્ય જીવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રાપ્ત કરીને નિયમા (હંમેશા) મોક્ષે જાય છે. આ વિષય તર્કવાદ નો છે.
આજના કાળમાં બુદ્ધિ અને તર્કથી સમજાય અને ઇન્દ્રિયોથી અનુભવાય તેને જ માનવાની વૃત્તિ પ્રબળ બની જાય છે. બુદ્ધિ હંમેશા અધૂરી રહે છે.
આત્મતત્વ ઇન્દ્રિયોને અગોચર છે. "આત્મા" છે કે નહીં એ તર્ક અને યુક્તિથી સિદ્ધ કરી શકાય છે પરન્તુ આત્માને બતાવી શકાતો નથી. કે જોઈ શકાતો નથી. પરંતુ સાધકો આત્માનો અનુભવ કરી શકે છે, આત્માનો સાક્ષાત્કાર કરી શકે છે. એટલે અંતે તો 'અનુભવ' ની વાત પર આવીને શ્રદ્ધા સાથે સ્થિર થવું જરૂરી છે.
ગ્રંથકારે 'અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરવામાં આજ દિવસ સુધી પંડિતો સફળ થયા નથી' એમ કહીને આપણને આત્મ અનુભવના માર્ગે ચાલવા માટે પ્રેરણા આપી છે.

કેષાં ન કલ્પનાદર્વી શાસ્ત્રક્ષીરાન્નગાહિની
વિરલાઃ તદ્ રસાસ્વાદ વિદઃ અનુભવજિહ્વયા (૨૬-૫)

શબ્દાર્થ: કેષાં = કોની, ન = નહિ, કલ્પના = કલ્પના, દર્વી = કડછી, શાસ્ત્રક્ષીરાન્નગાહિની = શાસ્ત્રરૂપી ક્ષીરમાં પ્રવેશ કરનારી, વિરલાઃ = વિરલા, થોડા, તદ્ = તેનો, રસાસ્વાદ = રસાસ્વાદ, વિદઃ = જાણનારા, અનુભવજિહ્વયા = અનુભવ રૂપ જીભ વડે

શ્લોકાર્થ: કોની કલ્પનારૂપી કડછી શાસ્ત્રરૂપી ક્ષીરમાં પ્રવેશ કરનારી નથી? પરંતુ અનુભવરૂપી જીભ વડે તેનો રસાસ્વાદ જાણનારા થોડા જ છે.

ભાવાર્થ: ગ્રંથકારે એક દાખલું રૂપક આપીને સમજાવેલ છે કે શાસ્ત્રમાં બતાવેલા પદાર્થ વિષે માત્ર તર્ક અને કલ્પનાશક્તિ કરતાં એ દ્વારા થતો અનુભવ શ્રેષ્ઠ છે.

શાસ્ત્ર એ ખીર છે, કલ્પના અને તર્ક એ કડછી (મોટો-ઊંડો ચમચો) છે અને અનુભવ એ જીભ છે.

ચૂલા ઉપર ખીર બનાવાતી હોય તો તેને હલાવવા માટે અને ત્યાર પછી પીરસવા માટે કડછીની જરૂર છે. કડછી ન હોય તો ખીર દાઝી જાય અને તેનો સ્વાદ બગડી જાય. એટલે કડછી નો ઉપયોગ જરૂરી છે.

એવી રીતે શાસ્ત્રાભ્યાસમાં તર્ક અને કલ્પનાશક્તિ જોઈએ. એ ન હોય તો શાસ્ત્રના અર્થ સ્પષ્ટ થશે નહિ. પરંતુ કડછી, ખીરમાં ઘણો વખત રહ્યા છતાં ખીરનો સ્વાદ જાણતી નથી. એ પ્રમાણે અધ્યાત્મના ક્ષેત્રે પદાર્થો સમજી લીધા એટલું પૂરતું નથી. માત્ર જાણકારી પૂરતી નથી, તેનો અનુભવ પણ જોઈએ. ખીર બરાબર તૈયાર થઈ જાય એટલું બસ નથી. જીભ વડે તેનો રસાસ્વાદ પણ માણવો જોઈએ. અહીં અનુભવ જીભ છે.

શાસ્ત્રજ્ઞાન એ બાહ્ય અંગ છે અને અનુભવ એ અંતરંગ છે.

શાસ્ત્રોનો અભ્યાસ કરનારા ઘણા હોય છે પણ તે પ્રમાણે સાધના કરી અનુભવ લેનારા ઓછા હોય છે. શાસ્ત્રોના આત્મસ્પર્શી મર્મને જાણનારા મહાત્માઓ બહુ થોડા હોય છે.

# ૨૬- અનુભવ

પશ્યન્નુ બ્રહ્મ નિર્દ્વન્દ્વં નિર્દ્વન્દ્વાનુભવં વિના
કથં લિપિમયી દૃષ્ટિર્વાઙ્મયી વા મનોમયી (૨૬-૧)

**શબ્દાર્થ:** પશ્યન્નુ = દેખે, બ્રહ્મ = આત્મસ્વરૂપ, નિર્દ્વન્દ્વં = ક્લેશરહિત, નિર્દ્વન્દ્વાનુભવં = રાગદ્વેષાદિ રહિત અનુભવ, વિના = વિના, કથં = કેમ, લિપિમયી = લિપિયુક્ત, દૃષ્ટિ = દૃષ્ટિ, વાઙ્મયી = વાણીરૂપ, વા = અથવા, મનોમયી = અર્થના જ્ઞાનરૂપ

**શ્લોકાર્થ:** ક્લેશરહિત શુદ્ધ અનુભવ વિના લિપિમયી (પુસ્તકરૂપ), વાણીરૂપ, અર્થના જ્ઞાનરૂપ દૃષ્ટિ, રાગદ્વેષાદિરહિત શુદ્ધ આત્મસ્વરૂપ કેમ દેખે?? (શી રીતે જોઈ શકે?)

**ભાવાર્થ:** અક્ષરાત્મક શ્રુતજ્ઞાન ત્રણ જાતનું હોય છે - સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર અને લબ્ધ્યક્ષર.
કાગળ ઉપર લખેલા અક્ષરોને લિપિ કહેવામાં આવે છે તે સંજ્ઞાક્ષર છે.
મુખેથી બોલાતા અક્ષરોને વ્યંજનાક્ષર કહેવાય છે તે વાઙ્મયી વાણી છે.
મનમાં સમજણરૂપ જે જ્ઞાન છે તેને મનોમયી વાણી કહેવાય છે.

આ શ્લોકમાં ત્રણ પ્રકારની દૃષ્ટિની વાત કરી છે.
(૧) લિપિમયી દૃષ્ટિ (૨) વાઙ્મયી દૃષ્ટિ અને (૩) મનોમયી દૃષ્ટિ
આ ત્રણે દૃષ્ટિનો શાસ્ત્રમય દૃષ્ટિમાં સમાવેશ થાય છે. શાસ્ત્રના અભ્યાસથી આત્માના અસ્તિત્વ વિષે, આત્માના સ્વરૂપ વિષે, આત્માના ગુણો વિષે સમજ પડે છે પરંતુ એથી આત્મસ્વરૂપનો અનુભવ ન થાય. તે માટે જરૂર છે અનુભવ જ્ઞાનની. 'અનુભવ' થી આત્મદર્શન (બ્રહ્મદર્શન) થાય છે.

ગ્રંથકાર લખે છે "નિર્દ્વન્દ્વ" એટલે શુદ્ધ ચૈતન્યતત્ત્વ કે જેમાં પરભાવદશા - વિભાવદશા - ક્લેશ - વિકાર - વાસના આદિનું કોઈ તત્ત્વ નથી, નિર્દ્વન્દ્વાનુભવ એટલે કે જેમાં ઇન્દ્રિયો વગેરે બાહ્ય લિંગો નથી, અર્થાત પરોક્ષ નહિ પણ પ્રત્યક્ષ આત્માનો-પોતાનો અનુભવ છે.

બાહ્ય દૃષ્ટિની પ્રવૃત્તિ કર્મની ઉપાધિરૂપ છે. તેનાથી પરમ બ્રહ્મ એવા આત્મસ્વરૂપનું કંઈ જ આકલન કરી શકાતું નથી.
બાહ્ય દૃષ્ટિવાળા જીવો રૂપી વસ્તુને જ જોઈ શકે છે.
અંતર્દૃષ્ટિ જેની ખીલી છે તેવા જ્ઞાની મહાત્માઓ જ આત્મતત્ત્વનો અનુભવ કરી શકે છે.

ન સુષુપ્તિઃ અમોહત્વાત્ ન અપિ ચ સ્વાપજાગરૌ
કલ્પના શિલ્પ વિશ્રાન્તેઃ તુર્યા એવ અનુભવઃ દશા ॥ (૨૬-૭)

શબ્દાર્થ: ન=નહિ; સુષુપ્તિઃ = ગાઢ નિદ્રારૂપ સુષુપ્તિદશા; અમોહત્વાત્ = મોહરહિત; ન=નહિ; અપિ=પણ, ચ=અને; સ્વાપજાગરૌ = સ્વપ્નદશા અને જાગૃત દશા; કલ્પના-શિલ્પ વિશ્રાન્તેઃ = કલ્પનારૂપી કારીગરીનો અભાવ હોવાથી; તુર્યા = ચોથી; એવ = જ; અનુભવઃ = અનુભવ; દશા = અવસ્થા

શ્લોકાર્થ: અનુભવ મોહરહિત હોવાથી ગાઢ નિદ્રારૂપ સુષુપ્તિદશા નથી, સ્વપ્ન અને જાગૃત દશા પણ નથી. કલ્પનારૂપ કારીગરીનો અભાવ હોવાથી તે (અનુભવરૂપ) ચોથી જ અવસ્થા છે.

ભાવાર્થ: પૂજ્ય શ્રી મલ્લવાદીસૂરિજીએ નયચક્ર નામના ગ્રંથમાં સંસારી આત્માની ચાર દશા (૧) સુષુપ્તિ દશા (૨) સ્વપ્ન દશા (૩) જાગૃત દશા અને (૪) ઉજાગર દશા. કરી છે.

(૧) સુષુપ્તિ દશા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાને રહેલા જીવોને હોય છે. મિથ્યાત્વ મોહના ઉદયને આધીન રહેલા જીવોને મોહરહિત અનુભવ દશા હોતી નથી.

(૨) સ્વપ્ન દશા અલ્પનિદ્રાવાળી અવસ્થા છે. આ દશા ૪ થી અને પાંચમા ગુણસ્થાનવાળા જીવોને હોય છે. તત્ત્વની જાણકારી છે પણ પણ વિશિષ્ટ આચરણ નથી.

(૬-૭ ગુણસ્થાન)

(૩) જાગૃત દશા પણ કલ્પના સહિત છે. પ્રમત્ત અને અપ્રમત્ત મુનિને હોય છે. ત્યાં ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ વિશેષ છે. સંકલ્પ-વિકલ્પો હોય છે.

(૪) ઉજાગર દશા એ ચોથી અનુભવ દશા છે. જ્યાં ઊંઘવાનું જ નહિ ~~અને~~ ઊંઘમાંથી ઉઠવાનું પણ નથી. આ દશા ૮ થી ૧૨ ગુણસ્થાનમાં છદ્મસ્થ જીવોને અને ૧૩ મા ગુણઠાણે કેવલીને હોય છે. મોહદશા અને સંકલ્પ-વિકલ્પ દશા ન હોવાથી પ્રથમની ત્રણ દશાનો ત્યાં સંભવ જ નથી.

ધ્યાનસ્થ મુનિને ઉપચારથી અને કેવલી ભગવંતોને સ્વરૂપથી અનુભવ વાળી ઉજાગર દશા હોય છે.

અધિગત્યાખિલં શબ્દબ્રહ્મ શાસ્ત્રદૃશા મુનિઃ
સ્વસંવેદ્યં પરં બ્રહ્મ અનુભવેન અધિગચ્છતિ ૨૬-૮

<u>શબ્દાર્થ</u>: અધિગત્ય=જાણીને, અખિલં=સકળ; શબ્દબ્રહ્મ=શબ્દબ્રહ્મને, શાસ્ત્રદૃશા=શાસ્ત્રરૂપી દૃષ્ટિવડે, મુનિઃ=મુનિ, સ્વસંવેદ્યં=સ્વયંપ્રકાશી, પરં બ્રહ્મ=પરબ્રહ્મને, પરમાત્માને; અનુભવેન=અનુભવ વડે, અધિગચ્છતિ=જાણે છે.

<u>શ્લોકાર્થ</u>: મુનિ શાસ્ત્રદૃષ્ટિ વડે સમસ્ત શબ્દબ્રહ્મને જાણીને અનુભવ વડે સ્વયંપ્રકાશી એવા પરબ્રહ્મને પરમાત્માને જાણે છે.

<u>ભાવાર્થ</u> આત્માનો અનુભવ મળવાના પહેલાં શાસ્ત્રના અભ્યાસની જરૂર છે એ વાત પર આ શ્લોકમાં ભાર મૂક્યો છે. કેટલાકની ભૂલભરેલી માન્યતા હોય છે કે ધ્યાન દ્વારા આત્માનો અનુભવ કરી લઈએ તો ચાલશે. શાસ્ત્રોનો અભ્યાસ કરવાની શી જરૂર?

શાસ્ત્ર - શ્રુત પણ એક પ્રકારના ચક્ષુ છે. શાસ્ત્રાભ્યાસ વિના જો સીધો અનુભવ કરવા ગયા તો તે અનુભવ સાચો છે કે ભ્રમ છે એની ખબર ન પડે. શાસ્ત્રનો અભ્યાસ ઉપયોગી જ નહિ પણ અનિવાર્ય (જરૂરી) છે. પરંતુ લક્ષ્ય - ધ્યેય 'અનુભવ'નું હોવું જોઈએ. માત્ર શાસ્ત્રોમાં અટવાઈ જવાનું નહિ.

શાસ્ત્રદૃષ્ટિથી કુરગડુ મુનિએ અને પ્રસન્નચંદ્ર રાજર્ષિએ "અનુભવ" દ્વારા થોડી જ ક્ષણોમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

સદ્ગુરુ શાસ્ત્રાભ્યાસ કરાવીને એમાંથી અનુભવની ચાવી બતાવે છે.

શાસ્ત્રો પ્રત્યે સદ્ભાવ, પ્રેમભાવ અને બહુમાન હોવા જોઈએ.

ગણધર ભગવંતોએ તીર્થંકર પરમાત્માની વાણીને શબ્દમાં ગૂંથીને આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે.

એકવાર શાસ્ત્રદૃષ્ટિ ખૂલી જાય પછી જગતની પ્રત્યેક ઘટનાને આધ્યાત્મિક રીતે ઘટાવતાં આવડશે. પછી કોઈના દોષ, દોષ તરીકે દેખાતાં નહિ એમાં પોતાનાં જ અશુભ કર્મનો ઉદય દેખાય છે.

શાસ્ત્રદૃષ્ટિ આપણને તત્ત્વદૃષ્ટિ આપે છે જે સ્વરૂપની પ્રાપ્તિના, અનુભવમાં બહુ જ ઉપયોગી છે.